**સ્માર્ટ અને સંસ્કારી સિટીમાં બાળપણ હેન્ડપંપ ઉલેચવામાં ખોવાઈ જશે**

# શાંતિનગરમાં વોટ લીધા પછી નેતાઓ ગાયબ?

# અભ્યાસના ભોગે હેન્ડપંપથી પાણી ભરતા બાળકો




## વિજયભાઈ, અમે તમને જીતાડ્યા છે, હવે ગંદા પાણીથી છૂટકારો આપો...!

વડોદરાઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ નેતાઓ પ્રજાની વચ્ચેથી ગાયબ થઈ ગયા હોવાનો જીવંત પુરાવો શહેરના વોર્ડ નંબર ૧૯માં જોવા મળી રહ્યો છે. વોર્ડ નંબર ૧૯માં આવેલા શાંતિનગર વિસ્તારના રહીશો છેલ્લા એક અઠવાડિયાથી પીવાના શુદ્ધ પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ વિસ્તારમાં છેલ્લા સાત દિવસથી અતિશય ગંદુ અને દૂષિત પાણી આવી રહ્યું હોવા છતાં તંત્ર કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી, જેને પગલે સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક રહીશોનો સીધો આક્ષેપ છે કે, ચૂંટણી ટાણે હાથ જોડીને મતો માગવા આવતા નેતાઓ જીત્યા પછી મોઢું બતાવવા પણ રાજી નથી. આ વિસ્તાર ભાજપના શાસક પક્ષના દંડક વિજયભાઈ ચૌહાણનો હોવા છતાં પ્રજા પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. રહીશો આક્રોશપૂર્વક જણાવી રહ્યા છે કે, "દંડક વિજયભાઈ ચૌહાણ, અમે તમને વોટ આપ્યા છે, હવે અમને પીવાનું શુદ્ધ પાણી તો આપો!" આ વોર્ડમાં ભાજપના બે અને કોંગ્રેસના બે કાઉન્સિલરો પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ પક્ષીય રાજકારણથી પર થઈને જનતાની પાયાની જરૂરિયાત સંતોષવામાં બંને પક્ષના નેતાઓ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે.

### ચૂંટણી બાદ એકપણ કાઉન્સિલર સમસ્યા સાંભળવા આવ્યા નથી

ઇલેક્શન પૂરું થયા પછી આજ દિન સુધી એક પણ કાઉન્સિલર વિસ્તારની મુલાકાતે કે લોકોની સમસ્યા સાંભળવા આવ્યો નથી.હાલમાં શાંતિનગરની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. કોર્પોરેશન દ્વારા લાઈનોમાં અપાતું પાણી પીવાલાયક ન હોવાથી, લોકોને નાછૂટકે જાહેર હેન્ડપંપ પર પાણી ભરવા માટે મજબૂર થવું પડી રહ્યું છે. રોજ સાંજ પડતાં જ હેન્ડપંપ પર પાણી ભરવા માટે સ્થાનિકોની લાંબી લાઈનો દ્રશ્યમાન થાય છે, જેમાં મહિલાઓ કલાકો સુધી ઊભા રહીને પાણી ભરવા મજબૂર બની છે. એટલું જ નહીં, રસોઈ અને પીવા માટે શુદ્ધ પાણી મળી રહે તે માટે ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને રોજેરોજ બજારમાંથી પાણીના જગ ખરીદવા પડી રહ્યા છે.

**ગરજ પતી અને વૈદ્ય વેરીનો ઘાટ સર્જાયો**

### ચૂંટણી બાદ એકપણ કાઉન્સિલર સમસ્યા સાંભળવા આવ્યા નથી

મોંઘવારીના આ જમાનામાં પીવાના પાણી માટે રોજનો વધારાનો ખર્ચ કરવો પડતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાયું છે.નાગરિકોનું કહેવું છે કે પાણી એ માણસની પ્રાથમિક અને મૂળભૂત જરૂરિયાત છે. જો મહાનગરપાલિકા અને સત્તાધીશો નિયમિત વેરો ઉઘરાવ્યા પછી પણ પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી શકતા ન હોય, તો આનાથી મોટી વહીવટી નિષ્ફળતા બીજી કઈ હોઈ શકે? ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના કાઉન્સિલરો સામે સ્થાનિકોમાં તીવ્ર નારાજગી વ્યાપી ગઈ છે. જો આગામી દિવસોમાં આ દૂષિત પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

**મત આપીને છેતરાયાનો અહેસાસ!**

## વુડા આવાસમાં પાણી માટે જનતા તરસી, રસ્તા પર ચોખ્ખા પાણીની નદીઓ વહી!



વડોદરાઃ સ્માર્ટ સિટી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ઈસ્કોન મંદિરની સામે આવેલા વુડાના રંગ અવધૂત નગર આવાસ યોજનામાં છેલ્લા ઘણા દિવસોથી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં મોટું લીકેજ સર્જાયું છે. આ લીકેજના કારણે હજારો ગેલન ચોખ્ખું પીવાનું પાણી રસ્તા પર વહીને ગટરોમાં જઈ રહ્યું છે. એક તરફ સોસાયટીમાં રહેતા સ્થાનિક પરિવારો પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા છે, ત્યારે બીજી તરફ વહી રહેલા પાણીના કારણે રસ્તાઓ પર નદીઓ જેવા દ્રશ્યો સર્જાયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, શ્રી રંગ અવધૂત નગર આવાસ ખાતે છેલ્લા ૧૦ થી ૧૨ દિવસથી પાણીની લાઈન તૂટેલી હાલતમાં છે. આ અગાઉ પણ તંત્રને રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ કે સ્થાનિક કોર્પોરેટરોમાંથી કોઈ પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા કે આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવા માટે ઘટનાસ્થળે ડોકાયું નથી. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે સ્થાનિક જનતામાં ભારે આક્રોશ અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે. રસ્તાઓ પર ચોવીસે કલાક પાણી ભરાયેલું રહેવાના કારણે માત્ર આવાસના રહીશો જ નહીં, પરંતુ ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

**તંત્ર હજુય 'તારીખ પે તારીખ'માં વ્યસ્ત!**

# અટલાદરામાં નદી વહેતી હોય તેવો માહોલ

**૩૧ મે ની ફરિયાદ બાદ પણ સ્માર્ટ સિટીના અધિકારીઓ બેખબર**

વડોદરા : શહેરમાં પીવાના પાણીની સમસ્યા વચ્ચે પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતા ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરમાં એક તરફ અનેક વિસ્તારો એવા છે જ્યાં નાગરિકો ટીપું-ટીપું પાણી મેળવવા માટે વલખાં મારી રહ્યા છે અને બૂમો પાડી રહ્યા છે, ત્યારે બીજી તરફ પાલિકાની લાપરવાહીના કારણે ચોખ્ખું પીવાલાયક પાણી રસ્તાઓ પર વહીને ગટરમાં જઈ રહ્યું છે. આવો જ એક ગંભીર કિસ્સો શહેરના અટલાદરા વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં છેલ્લા ઘણા દિવસોથી પીવાના પાણીની લાઈનમાં મોટું લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

મળતી વિગતો અનુસાર, વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલી પ્રમુખસ્વામી કુટીર સોસાયટીમાં મુખ્ય પાણીની લાઈનમાં મોટું લીકેજ સર્જાયું છે. આ લીકેજના કારણે ચોખ્ખું અને પીવાલાયક પાણી રોડ પર સતત વહી રહ્યું છે. સોસાયટીના માર્ગો પર સતત પાણી વહેવાના કારણે જાણે નદી વહેતી હોય તેવો માહોલ સર્જાયો છે. રસ્તાઓ પર પાણી ભરાઈ રહેવાના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લાખો લીટર કિંમતી પાણી રસ્તા પરથી વહીને સીધું ગટરમાં જઈ રહ્યું હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે ગત તારીખ ૩૧ મે ના રોજ જ પાલિકાના સત્તાધીશોને ઓનલાઈન ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તંત્ર ડિજિટલ ઈન્ડિયા અને ઝડપી નિકાલના ગમે તેટલા દાવા કરતું હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે દિવસો વીતી ગયા હોવા છતાં પાલિકાના તંત્ર દ્વારા આ લીકેજને સમું કરવા માટે કોઈ પણ પ્રકારની તજવીજ હાથ ધરવામાં આવી નથી. ફરિયાદ બાદ પણ કોઈ કર્મચારી કે અધિકારી ડોકાયા સુદ્ધાં નથી, જે પાલિકાની ઘોર ઉદાસીનતા દર્શાવે છે. આ સમગ્ર મામલો વોર્ડ નંબર ૧૨ હેઠળ આવે છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે વોર્ડ નંબર ૧૨ નું તંત્ર નાગરિકોની પાયાની સમસ્યાઓ દૂર કરવામાં તદ્દન નિષ્ફળ નીવડ્યું છે.



### કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું વડોદરા મહાનગર પાલિકાનું તંત્ર આ આખરે ક્યારે જાગશે : સમસ્યાનો કાયમી ઉકેલ જરૂરી

એક તરફ ઉનાળાની સિઝનમાં પાણી બચાવવાના સંદેશાઓ આપવામાં આવે છે, ત્યારે સરકારી તંત્ર જ પાણીના આટલા મોટા વેડફાટ સામે આંખ આડા કાન કરીને બેઠું છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે જો આ લીકેજ તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સોસાયટીના રહીશો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર આ આખરે ક્યારે જાગશે અને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવશે.

## જનતા પાણી માટે વલખાં મારે છે અને વાઘોડિયા રોડ પર બે દિવસથી વહી રહી છે નદીઓ!



વાઘોડિયા રોડ પર આવેલ મહેશ નગરની સામે, ગોકુલ ટેનામેન્ટના ગેટની પાસે મેન રોડ પર છેલ્લા બે દિવસથી પીવાના પાણીની લાઈનમાં મોટું લીકેજ થયું છે, જેના કારણે લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહી રહ્યું છે.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ અંગે પાલિકાના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. જોકે, તંત્રના માણસોએ સ્થળ પર આવીને એવું વિચિત્ર બહાનું કાઢ્યું હતું કે, 'અત્યારે પાણી ચાલુ છે એટલે કામ નહીં થાય, અમે કાલે આવીને રિપેરિંગ કરીશું.' આ આશ્વાસન આપ્યા બાદ પણ બીજા દિવસે કોઈ જ કર્મચારી કે કોન્ટ્રાક્ટર ફરક્યા નથી. પરિણામે કિંમતી પાણીનો સતત બગાડ થઈ રહ્યો છે. આશ્ચર્યજનક વાત એ છે કે આ વિસ્તારના સ્થાનિક કાઉન્સિલરો પણ રોજેરોજ આ જ મુખ્ય માર્ગ પરથી પસાર થાય છે. રસ્તા પર વહેતા પાણીનું પૂર તેમની નજરે પડવા છતાં, અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરો સામે કોઈ કડક કાર્યવાહી કરાવી શક્યા નથી.

**કુદરતનો પ્રકોપ કે તંત્રની બેદરકારી?**

# સુરસાગરમાં ઓક્સિજન ન મળતા માછલીઓ ટપોટપ મરી રહી છે

**મેયરે કહ્યું** ગરમીના કારણે સર્જાઈ કટોકટી

વડોદરા શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક અને પ્રખ્યાત સુરસાગર તળાવમાં છેલ્લા કેટલાક સમયથી અસંખ્ય માછલીઓના સામૂહિક મોતના મામલે મોટો ખુલાસો થયો છે. શહેરમાં પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે તળાવના પાણીમાં ઓક્સિજનનું સ્તર ઘટતા માછલીઓ ગૂંગળાઈને મરી રહી હોવાનું સત્તાવાર રીતે સામે આવ્યું છે. આ ગંભીર ઘટના અંગે વડોદરાના મેયરે નિવેદન આપીને સ્થિતિ સ્પષ્ટ કરી છે અને વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા તાત્કાલિક પગલાંની વિગતો આપી છે. આ મામલે વડોદરાના મેયરે જણાવ્યું હતું કે, સુરસાગર તળાવમાં ખાસ કરીને 'મોરધુ' પ્રજાતિની માછલીઓ મોટી સંખ્યામાં વસવાટ કરે છે.



હાલમાં પડી રહેલી અસહ્ય ઉનાળાની ગરમીના કારણે આ માછલીઓ પાણીમાં પૂરતો ઓક્સિજન મેળવી શકતી નથી, જેના પરિણામે તેમના કુદરતી મોત નીપજી રહ્યા છે. ગરમી વધવાને કારણે પાણીનું તાપમાન ખૂબ વધી ગયું છે અને કુદરતી રીતે જ ઓક્સિજનની કટોકટી સર્જાઈ છે. આ ચિંતાજનક ઘટના સામે આવતાની સાથે જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવ્યા છે. તળાવમાં મૃત્યુ પામેલી માછલીઓને કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ન ફેલાય અને પાણી વધુ પ્રદૂષિત ન થાય તે માટે કોર્પોરેશનની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં આ સફાઈ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવી છે. મેયરે વધુમાં ખાતરી આપી છે કે, કોર્પોરેશન લેવલ પર આ ગંભીર સમસ્યાનું ટૂંક સમયમાં જ યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે તેઓ આગામી દિવસોમાં કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે એક ખાસ બેઠક યોજશે. પાણીમાં કૃત્રિમ રીતે ઓક્સિજનનું સ્તર જાળવી રાખવા માટે કેવા મજબૂત પગલાં લઈ શકાય અને કાયમી ઉકેલ કેવી રીતે લાવી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરીને આગળનો એક્શન પ્લાન નક્કી કરવામાં આવશે.

## ભરણ પોષણ કેસમાં સજા પામેલો આરોપી ઝડપાયો

વડોદરા : ભરણપોષણના કેસમાં ડભોઈ ફેમિલી કોર્ટમાં દાખલ ફોજદારી પરચુરણ અરજી નં. 09/2025માં સામાવાળા રાજેશભાઈ રણછોડભાઈ સોલંકી (રહે. નારીયા, તા. ડભોઈ, જી. વડોદરા) વિરુદ્ધ સજા વોરંટ જારી કરવામાં આવ્યું હતું. કોર્ટ દ્વારા તેને પકડી પાડી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા પોલીસને આદેશ કરાયો હતો. આ મામલે ડભોઈ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ટી. પટેલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી આરોપીના રહેઠાણ તેમજ સંભવિત ઠેકાણાઓ પર નજર રાખવામાં આવી હતી. દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી પોતાના ઘરે આવવાનો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી દરોડો પાડતા રાજેશભાઈ સોલંકીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીને કાયદેસરની કાર્યવાહી બાદ મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

**દિવાળીપુરાથી ધરપકડ, રિમાન્ડની તજવીજ**

# ગાંજાનો વોન્ટેડ સપ્લાયર પ્રીત પટેલ SOGના હાથે ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

એસઓજી દ્વારા એનડીપીએસ, પ્રોહિબિશન સહિતના ગુનાઓમાં સંડોવાયેલા અને ફરાર આરોપીઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ગત 29 મે 2026ના રોજ એસઓજીની ટીમે સરસ્વતી કોમ્પ્લેક્સ પાછળના રોડ પરથી શંકાસ્પદ ક્રેટા કારને અટકાવી તપાસ કરતા તેમાંથી 21 ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂ.73,500 કિંમતના હાઈબ્રીડ ગાંજા સહિત રૂ.7.91 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં વૃંદ રાકેશ શાહની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન કબજે કરાયેલા હાઈબ્રીડ ગાંજાનો સપ્લાયર તરીકે પ્રીત હેમંતકુમાર પટેલનું નામ સામે આવ્યું હતું, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. એસઓજીના પીઆઈ બી.ડી. જિતીયાની સુચના મુજબ અધિકારીઓ અને કર્મચારીઓ આરોપીની શોધખોળમાં હતા. દરમિયાન



એસઓજીના કર્મચારી અમિત ગલબાભાઈને મળેલી બાતમીના આધારે દિવાળીપુરા કોર્ટ સામે આવેલી પાણીપૂરીની લારી પાસેથી પ્રીત પટેલપ્રીત હેમંતકુમાર પટેલ( રહે. એફ/2, જલારામ એપાર્ટમેન્ટ, જલારામ મંદિર પાસે, સુભાનપુરા ગામ, વડોદરા) ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીની અગાઉ આ ગુનામાં સત્તાવાર ધરપકડ થઈ ન હોવાથી તેને કાયદેસર રીતે ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**તંત્રએ બેરિકેડ મૂકી સંતોષ માન્યો : ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાની ઉગ્ર માંગ**

# કારેલીબાગ ચેપી રોગ હોસ્પિટલના ગેટ પાસે જ પડ્યો મસમોટો ભુવો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

ચોમાસાની ઋતુ નજીક આવતા જ વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખુલી ગઈ છે. શહેરમાં બિસ્માર રસ્તાઓ અને અવારનવાર પડતા ભુવાઓને કારણે જનતામાં ભારે રોષ છે. તાજેતરમાં જ કારેલીબાગ વિસ્તારમાં આવેલી ચેપી રોગ હોસ્પિટલના મુખ્ય ગેટની બિલકુલ સામે રસ્તાની અધવચ્ચે એક મસમોટો ભુવો પડી જતાં તંત્રની બેદરકારી છતી થઈ છે. હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં ભુવો પડવા છતાં પાલિકાની ટીમે માત્ર બેરિકેડ મૂકીને સંતોષ માની લીધો છે. સદનસીબે ઘટના સમયે કોઈ વાહન ત્યાંથી પસાર ન થતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ ગંભીર બેદરકારી સામે સ્થાનિકો એ તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે.



તેમણે આક્ષેપ કર્યો છે કે વડોદરાની જનતા કરોડો રૂપિયાનો ટેક્સ ભરે છે, પરંતુ બદલામાં સુવિધાને બદલે માત્ર હાડમારીઓ જ મળે છે. આ રોડ માંડ બે વર્ષ પહેલાં જ નવો બનાવવામાં આવ્યો હતો, પરંતુ પાણી કે ડ્રેનેજ લાઈનના લીકેજને કારણે આખો રસ્તો બેસી ગયો છે. આ ઘટના રોડ નિર્માણમાં વપરાયેલા હલકી કક્ષાના મટીરિયલની સાબિતી આપે છે. સ્થાનિકોએ વધુમાં જણાવ્યું કે, કોર્પોરેશનમાં ચાલતી 'ટકાવારી' અને ભ્રષ્ટાચારની સિસ્ટમને કારણે કોન્ટ્રાક્ટરો નબળું કામ કરે છે. નવો રોડ બન્યા પછી ભુવો પડે એટલે ફરી ખોદકામ થાય છે, જેનાથી ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કમાવવાનો નવો મોકો મળે છે. વડોદરાના કમિશનરને અપીલ કરતાં તેમણે માંગ કરી છે કે અધિકારીઓ એસી કેબિન છોડીને જમીની હકીકત તપાસે અને જવાબદાર કોન્ટ્રાક્ટરને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરે. અમદાવાદ અને સુરત જેવા શહેરો આગળ વધી રહ્યા છે, ત્યારે વડોદરા ભ્રષ્ટાચારને કારણે પાછળ ધકેલાઈ રહ્યું છે. સ્થાનિકોની માંગ છે કે પાલિકા શાસકો કાગળ પર મીટિંગો બંધ કરી ચોમાસા પહેલાં આ ભુવાનું કાયમી સમારકામ કરાવે.

**૧૮૧ અભયમની ટીમે કાઉન્સેલિંગ કરી સમાધાન કરાવ્યું**

# લગ્નના ત્રણ મહિનામાં જ શંકાશિલ પતિના ત્રાસથી પરેશાન યુવતી પિયર આવી ગઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

લગ્નને માત્ર ત્રણ મહિના જ થયા હોવા છતાં પતિ અને સાસુ તરફથી મળતા માનસિક તથા શારીરિક ત્રાસના કારણે યુવતી પિયર પરત આવી હતી. સતત તણાવમાં રહેતી યુવતી જમવાનું પણ બંધ કરી દીધું હતું અને વારંવાર આત્મહત્યાની ધમકી આપતી હોવાથી તેના પરિવારજનોએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માગી હતી. વડોદરા શહેરમાં રહેતી એક મહિલાએ 181 અભયમમાં કોલ કરી જણાવ્યું હતું કે તેમની દીકરી લગ્ન બાદ કોઈ કારણોસર સાસરેથી પિયર આવી ગઈ છે. દીકરી સાથે વાત કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે ગુસ્સે થઈ જાય છે, જમતી નથી અને કોઈ સાથે વાતચીત પણ કરતી નથી. સાથે જ વારંવાર પોતાનું જીવન ટૂંકાવી દેવાની વાતો કરતી હોવાથી પરિવાર ચિંતિત બન્યો હતો. કોલ મળતા જ 181 અભયમની ટીમ સ્થળ પર પહોંચી હતી અને યુવતી તેમજ તેના પરિવારજનો પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. યુવતીએ જણાવ્યું હતું કે લગ્નના ત્રણ મહિનામાં જ પતિ અને સાસુ અકારણ ઝઘડા કરતા હતા. પતિને તેના પર વહેમ હતો કે તે અન્ય કોઈ વ્યક્તિ સાથે વાતચીત કરે છે, જેના કારણે તેને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને કેટલીકવાર મારપીટ પણ કરવામાં આવતી હતી. આ પરિસ્થિતિથી કંટાળીને તે પિયર આવી ગઈ હતી. યુવતીએ વધુમાં જણાવ્યું હતું કે માતા-પિતા તેને સમજાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેને એવું લાગતું હતું કે તેની વાત કોઈ સમજી રહ્યું નથી. જેના કારણે તેના મનમાં નકારાત્મક વિચારો આવવા લાગ્યા હતા અને તેને લાગતું હતું કે તે નહી રહે તો કોઈને સમસ્યા નહીં રહે. અભયમ ટીમે યુવતીનું કાઉન્સેલિંગ કરી તેને જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવવા સમજાવ્યું હતું. યુવતી ભણેલી હોવાથી તેને નોકરી શરૂ કરવા અથવા આગળનો અભ્યાસ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ઉપરાંત, લગ્નજીવન સંબંધિત સમસ્યાઓના નિરાકરણ માટે કાર્યરત વિવિધ મહિલા સંસ્થાઓ તથા કાયદાકીય સહાય અંગે માહિતી આપવામાં આવી હતી. ટીમે તેને પીબીએસસી અને ઓએસસી જેવી સેવાઓ અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. અંતે, 181 અભયમની ટીમે યુવતી અને તેના પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય માહિતી આપી સમાધાન કરાવ્યું હતું તેમજ જરૂર પડ્યે આગળ પણ સહાય ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી.

**BCAમાં સત્તાનો સંગ્રામ વધુ ગૂંચવાયો**

# ગુજરાત હાઈકોર્ટ તા.૪ ઓગસ્ટે સુનાવણી કરશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

બરોડા ક્રિકેટ એસોસિએશનમાં ચાલી રહેલો સત્તાનો સંગ્રામ હવે વધુ ગૂંચવાયો છે. પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચીની મુખ્ય પોસ્ટને લઈને કાનૂની લડાઈ ચરમસીમાએ પહોંચી છે. હાલ સુપ્રીમ કોર્ટમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું હોવાથી આ મુદ્દે મધ્ય જુલાઈમાં સુનાવણી થાય તેવી શક્યતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે હવે 4 ઓગસ્ટના રોજ વધુ સુનાવણી રાખવાનો નિર્ણય કર્યો છે.

બીસીએ ચૂંટણી દરમિયાનમાં કાનૂની લડાઈ દરમિયાન કેટલાક પક્ષકારોએ માંગ કરી હતી કે જે હોદ્દાઓ પર વિવાદ નથી, તેના પરિણામો જાહેર કરી દેવામાં આવે. આ માંગ પર હાઈકોર્ટે લાલ આંખ કરતા માર્મિક ટિપ્પણી કરી હતી કે, મુખ્ય હોદ્દાઓ સિવાય જો પરિણામ જાહેર કરવામાં આવે તો આવી અધૂરી બોડી માથા, હૃદય અને ફેફસા વગરના શરીર જેવી બની રહેશે, જેનો કોઈ અર્થ નથી. બીસીએમાં પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી જેવી મુખ્ય પોસ્ટને લઈને જ મોટો વિવાદ ચાલી રહ્યો છે. આ ત્રણેય હોદ્દા એસોસિએશનના સંચાલન માટે સૌથી મહત્વના ગણાય છે. જ્યાં સુધી આ પદો પરનો વિવાદ ન ઉકેલાય ત્યાં સુધી સંપૂર્ણ બોડીની રચના શક્ય નથી, તેવું કોર્ટનું માનવું છે. સત્તાના આ સંગ્રામના કારણે બરોડા ક્રિકેટના રોજબરોજના કામકાજ અને ખેલાડીઓની તૈયારીઓ પર અસર પડી રહી છે. કોર્ટના આખરી નિર્ણય સુધી બીસીએનું વહીવટી તંત્ર ખોરવાયેલું રહે તેવી શક્યતા છે. હવે સૌની નજર 4 ઓગસ્ટની હાઈકોર્ટની સુનાવણી અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટના વલણ પર મંડાયેલી છે.

**કોમ્પ્યુટર ટ્રેનર યુવક વ્યાજખોરોના ચક્રવ્યુહમાં ફસાયો**

# ફર્નિચરના ધંધા માટે લીધેલા રૂ.૧ લાખના બદલામાં ચક્રવૃદ્ધિ વ્યાજની માંગણી કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરમાં વ્યાજખોરીનો વધુ એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફર્નિચરના ધંધા માટે વ્યાજે રૂપિયા લેનાર 26 વર્ષીય કોમ્પ્યુટર ટ્રેનર પાસેથી બે શખ્સોએ મૂળ રકમ કરતાં વધુ નાણાં વસૂલ્યા છતાં ચક્રવૃદ્ધિ વ્યાજની માંગણી ચાલુ રાખી હતી. એટલું જ નહીં, ગેરેજમાં પહોંચી ગાળાગાળી કરી સામાન અને લેપટોપ લઈ જવાની સાથે જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બિલ વિસ્તારમાં આવેલા એન્જલબ્લીસમાં રહેતા કોમ્પ્યુટર ટ્રેનર ચંદનભાઈ અશોકભાઈ વિશ્વકર્મા (ઉ.વ.26) એ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદ અનુસાર એપ્રિલ-2024 દરમિયાન ચંદનભાઈ તેમના ભાઈ નિલેશ વિશ્વકર્માની અટલાદરા પોલીસ ચોકી સામે આવેલી ગેરેજ પર જતા હતા.

તે દરમિયાન ગાડી રિપેરિંગ માટે આવતા વિકાસ રાજપુત અને ભરત પ્રધાનાની સાથે તેમની ઓળખાણ થઈ હતી. ફર્નિચરના વ્યવસાય માટે નાણાંની જરૂરિયાત હોવાની વાતચીત થતાં બંનેએ મદદ કરવાની ખાતરી આપી હતી. ત્યારબાદ જૂન-2024માં આરોપીઓએ રૂ.1 લાખની લોન આપવાનું નક્કી કર્યું હતું. જોકે, રૂ.10 હજાર વ્યાજ તરીકે અગાઉથી કાપી લઈને માત્ર રૂ.90 હજાર રોકડા આપ્યા હતા. સુરક્ષા પેટે ચંદનભાઈ અને તેમના ભાઈના બેંકના ચેક પણ લેવામાં આવ્યા હતા.

જુલાઈ-2024થી જાન્યુઆરી-2025 દરમિયાન ચંદનભાઈએ દર મહિને રૂ.10 હજાર મુજબ કુલ રૂ.80 હજાર વ્યાજ ચૂકવ્યું હતું. ઉપરાંત ફેબ્રુઆરીથી એપ્રિલ-2025 દરમિયાન વધુ રૂ.31 હજાર ભરત પ્રધાનાનીની પત્નીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા.

આમ છતાં આરોપીઓએ વધુ રકમ અને ચક્રવૃદ્ધિ વ્યાજની માંગણી ચાલુ રાખી હતી. વ્યાજની રકમ નહી ચૂકવાતા વિકાસ રાજપુત અને ભરત પ્રધનાની તેમના ભાઈના ગેરેજ પર પહોંચ્યા હતા. ત્યાં બંનેએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત ગેરેજમાં રહેલો સામાન અને લેપટોપ પણ પોતાની સાથે લઈ ગયા હતા. આરોપીઓની ધમકીઓના કારણે ચંદનભાઈએ અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવી નહોતી. જોકે, તાજેતરમાં વિકાસ રાજપુત વિરુદ્ધ અન્ય ફરિયાદ નોંધાઈ હોવાની જાણ થઈ હતી.